## અનુસંધાન... પાના પહેલાનું

### દિલ્હી ડાયરી...

મોટા નેતાઓના જૂથ સાથે પોલીસે અટકાયત કરી હતી. સીપીએમનું બીજું જૂથ, જેમાં માણિક સરકાર પણ સામેલ હતા, તેમની મિંટો રોડ પરથી અટકાયત કરવામાં આવી હતી. કેજરીવાલ અને આપના રાજ્યસભા સાંસદ સંજય સિંહને લોધી એસ્ટેટ ખાતે સાંસદના ઘર નજીકથી કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

**વિરોધકર્તાઓ માટે ગુરુદ્વારા બાંગ્લા સાહેબ બન્યું આશ્રયસ્થાન**

શનિવારના જેન ઝી વિરોધ પ્રદર્શન માટે જંતર મંતર પહોંચવાનો પ્રયાસ કરી રહેલા પ્રદર્શનકારીઓ પર પોલીસે કરેલી આકરી કાર્યવાહી વચ્ચે કેટલાક માટે ઈશ્વરનું ધામ (ગુરુદ્વારા) સુરક્ષા કવચ બની ગયું. દિલ્હીમાં તેમના ગંતવ્ય સ્થાન નજીક આવેલું ગુરુદ્વારા બાંગ્લા સાહેબ કેટલાક યુવાન પ્રદર્શનકારીઓ માટે ભેગા થવાનું મુખ્ય કેન્દ્ર બની ગયું હતું. પોલીસના લાઠીચાર્જ અને કડક કાર્યવાહીથી બચવા માટે સેંકડો પ્રદર્શનકારીઓ ગુરુદ્વારા પરિસરમાં પ્રવેશવામાં સફળ રહ્યા, જે ભારતીય ચૂંટણી પંચના મુખ્ય મથકથી માત્ર એક કિલોમીટર દૂર છે. જોકે, જેઓ અંદર પ્રવેશ કરી શક્યા ન હતા, તેઓને પોલીસે ઘેરીને પકડી લીધા હતા. સિખ ગુરુદ્વારા પ્રબંધક સમિતિના એક કર્મચારીએ પાછળથી જણાવ્યું હતું કે, પોલીસે ગુરુદ્વારા પ્રબંધકોને પ્રદર્શનકારીઓને બહાર મોકલવા વિનંતી કરી હતી, પરંતુ પ્રબંધકોએ તેમ કરવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. તે કર્મચારીએ ઉમેર્યું કે, "લોકો અહીં શાંતિપૂર્વક બેઠા છે અને ભોજન કરી રહ્યા છે. ગુરુદ્વારાની અંદર આવનાર દરેક વ્યક્તિ અમારા માટે મુલાકાતી છે. પોલીસને અંદર આવવાની પરવાનગી નથી. પોલીસ માત્ર ત્યારે જ આવી શકે જ્યારે કોઈ ગંભીર ગુનાહિત ઘટના બની હોય, પરંતુ આ તો વિદ્યાર્થીઓ છે જે વિરોધ કરવા આવ્યા છે, જે તેમનો અધિકાર છે. પોલીસ તેમને બહાર નીકળવા માટે મજબૂર કરી શકે નહીં.... તેઓ કોઈ અપરાધી નથી."

**ફ્લાયદુબઈ પાઇલટ પર મધ્ય-આકાશમાં હુમલાની એનઆઈએ તપાસ**

ફ્લાયદુબઈ ફ્લાઈટ ૧૦૭૩માં ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છાર પર વિદેશમાં મધ્ય-આકાશમાં થયેલા હુમલા અંગે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ એફઆઈઆર નોંધી છે. કેન્દ્ર સરકારે એજન્સીને આ ઘટના પાછળના 'મોટા કાવતરા'ની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે, જેમાં ઓમાનના એક ફર્સ્ટ ઓફિસરે કથિત રીતે વિમાનને હાઇજેક કરવા અથવા ક્રેશ કરવાના ઈરાદાથી કેપ્ટન પર છરી વડે હુમલો કર્યો હતો. કેન્દ્ર સરકારે એવું જણાવતા તપાસના આદેશ આપ્યા હતા કે આ મામલો ગંભીર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અસરો ધરાવે છે. નેશનલ Fન્વેસ્ટિગેશન એજન્સી એક્ટ, ૨૦૦૮ હેઠળ ગયા સપ્તાહના અંતે આ કેસ નોંધવામાં આવ્યો હતો.

### હવે સમગ્ર દેશ...

સંસ્કાર માટે તેમના વતન જવા માટે મદદની ઓફર પણ કરવામાં આવી હતી, પરંતુ તેમણે આ ઓફર ''અસ્વીકાર'' કરી હતી. દીપ્કેએ કહ્યું, ''જો તેમણે મને મારી દાદીના અવસાન વિશે જણાવ્યું હતું, તો પછી તેઓ સવારે ૩:૩૦ વાગ્યે ધરપકડના કાગળો લઈને મારી પાસે કેમ આવ્યા અને સહી કરવા કેમ કહ્યું? તેમણે મને મારા માતા-પિતા સાથે વાત કરવા કહ્યું. તેમણે કહ્યું કે તેમને કહો કે મારી ધરપકડ થઈ છે અને લાંબા સમય સુધી જેલમાં રહીશ. પરંતુ મેં કહ્યું કે તેમને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ છે અને હું અત્યારે તેમની સાથે વાત કરી શકું તેમ નથી. મેં મારા પિતરાઈ ભાઈને ફોન કરવા કહ્યું જે મારી દાદી સાથે હતો. પરંતુ તેઓએ મને મારા ફોનમાંથી તેનો નંબર મેળવવાની પણ મંજૂરી આપી નહોતી.'' તેમણે કહ્યું, ''તેઓ મને તણાવ આપવા માંગતા હતા અને મારા માતા-પિતાને ચિંતામાં મૂકવા માંગતા હતા, જેઓ પહેલાથી જ મારી દાદીના અવસાનના શોકમાં હતા. દિલ્હી પોલીસના કારણે આ માનસિક ત્રાસ મેં અને મારા પરિવારે ભોગવવો પડ્યો હતો.'' દીપ્કેએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે પોલીસ તેમની દાદીના અવસાનની જાણ કરવા માટે ૩ થી ૪ કેમેરા સાથે ''નાટક કરવા આવી હતી''.

### ચૂંટણી પંચ સામે...

એકઠા થયા હતા. આ પહેલીવાર છે જ્યારે વિપક્ષી નેતાઓએ કોઈ માગણીને લઈને સુપ્રીમ કોર્ટ સુધી માર્ચ કાઢી હોય.

લોકસભા અને રાજ્યસભાના વિરોધ પક્ષના નેતાઓ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે, સપાના અધ્યક્ષ અખિલેશ યાદવ, ટીએમસી સુપ્રીમો મમતા બેનર્જી, તેજસ્વી યાદવ અને સુપ્રિયા સુલે સહિતના નેતાઓ આ માર્ચમાં જોડાયા હતા.

ચીફ જસ્ટિસે આ મામલો સુનાવણી હેઠળ હોવાનું કહી વિપક્ષી નેતાઓને મળવાનો ઈનકાર કર્યાના એક દિવસ બાદ, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અને મતદારોના નામ કમી કરવા સામે વિપક્ષે સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી. વિપક્ષી નેતાઓએ અગાઉ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને બેલેટ પેપર સિસ્ટમ પુનઃ શરૂ કરવાની માગ કરી હતી.

**રાહુલ-ખડગે, મમતા અને અખિલેશ સહિતના દિગ્ગજો સડક પર**

કનોટ પ્લેસના બારાખંભા રોડથી શરૂ થયેલી આ પદયાત્રામાં દેશના તમામ મુખ્ય વિરોધ પક્ષોના નેતાઓ જોડાયા હતા:

**મુખ્ય નેતાઓ:** લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, રાજ્યસભાના વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગે, સપા અધ્યક્ષ અખિલેશ યાદવ, ટીએમસી સુપ્રીમો મમતા બેનર્જી, આરજેડી નેતા તેજસ્વી યાદવ અને એનસીપી (એસપી)ના સુપ્રિયા સુલે.

**મુખ્યમંત્રીઓની હાજરી:** કર્ણાટકના સીએમ ડી.કે. શિવકુમાર, હિમાચલ પ્રદેશના સીએમ સુખવિંદર સિંહ સુખુ અને તેલંગાણાના સીએમ રેવંત રેડ્ડી પણ માર્ચમાં જોડાયા હતા.

**અન્ય અગ્રણીઓ:** પ્રિયંકા ગાંધી વાડ્રા, ડી. રાજા (CPI), એમ. એ. બેબી (CPI-M), સંજય રાઉત (શિવસેના-UBT), યોગેન્દ્ર યાદવ અને મોટા પ્રમાણમાં વકીલો તથા યુવાનો આ માર્ચમાં જોડાયા હતા.

જ્યારે પોલીસે ભગવાન દાસ રોડ પર માર્ચને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને તેજસ્વી યાદવ સહિતના નેતાઓ એક વાહન પર ચડી ગયા હતા અને બેરિકેડ્સ ઓળંગીને આગળ વધ્યા હતા. આ દરમિયાન સરકાર અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

## રાહુલે પ્રદર્શનને શિવ તાંડવ સાથે સરખાવ્યું

માર્ચ બાદની બાપત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ આ પ્રદર્શનોને શિવના 'તાંડવ' સાથે સરખાવતા કહ્યું હતું કે આમાં કોઈ યોજનાની જરૂર ન હતી અને આ શિવની બારાત જેવું છે જેમાં કોઈ પણ જોડાઈ શકે છે. તેમણે ઉમેર્યું હતું કે લોકશાહી બચાવવાની આ લડાઈ દિવસો કે વર્ષો સુધી ચાલશે તો પણ અટકશે નહીં.

### દિલ્હી પોલીસ...

હતો કે તેઓ ભણેલા-ગણેલા વ્યક્તિ છે અને જ્યાં સુધી તેમના વકીલ આસપાસ ન હોય ત્યાં સુધી તેઓ સહી કરશે નહીં. CJPના સ્થાપકે કહ્યું હતું કે એક પોલીસ અધિકારી મને પાણીની બોટલ આપી રહ્યો છે તે વીડિયોમાં બતાવાયું છે પર દાદીના અવસાનના સમાચાર સાંભળીને રડી રહ્યો છું તે ભાગ કાપી નાખવામાં આવ્યો છે.

### નવા નિયુક્ત ૩...

**રોજિંદી અવરજવર અને ટ્રાફિકની સમસ્યાઃ** આ વિસ્તારમાં નવી દિલ્હી રેલવે સ્ટેશન આવેલું છે, જ્યાંથી દરરોજ લાખો મુસાફરો અવરજવર કરે છે. વિરોધ પ્રદર્શનોના કારણે રસ્તાઓ બંધ થવાથી કે ટ્રાફિક ડાયવર્ઝનથી મુસાફરો અને નોકરીયાતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.

**મેટ્રો સેવાઓ પર અસરઃ** જંતર-મંતરની નજીક આવેલા જનપથ મેટ્રો સ્ટેશન (ગેટ નંબર-૨), પલ ચોક, સેન્ટ્રલ સેક્રેટરીએટ અને રાજીવ ચોક જેવા મેટ્રો સ્ટેશનો પર પ્રદર્શન દરમિયાન અતિશય ભીડ અને અરાજકતા સર્જાતી હતી.

### સરકારના 200...

વિપક્ષના સંપર્કમાં છે અને આંતરિક માહિતી આપી રહ્યા છે. જોકે તેમણે આ અધિકારીઓની ઓળખ જાહેર કરી ન હતી. તેમણે કહ્યું 'મોદી જી તમારા સરકારના 200 અધિકારીઓ અમારી સાંથે સંપર્કમાં છે અને માહિતી આપી રહ્યા છે.'

તેમણે યુવા આંદોલનકારીઓને સમર્થન આપતા સ્પષ્ટ કર્યું કે 'વોટ ચોરી' સામે થઈ રહેલો વિરોધ એકજૂથ છે. કોઈ સમાંતર પ્રદર્શનો નથી ચાલી રહ્યા. જોકે તેમણે સીજેપીનું નામ ન લીધું હતું પણ તેમનું નિવેદન સંકેત છે કે યુવાઓના નેતૃત્વમાં ચાલી રહેલું પ્રદર્શન અને ઈન્ડિયા બ્લોકનું વોટ ચોરી મુદ્દેનું પ્રદર્શન એક જ વ્યાપક ઝુંબેશનો ભાગ છે. જ્યાં સુધી બંધારણનું રક્ષણ ન થાય અને સીઈસી ન હટે ત્યાં સુધી દેશનો યુવા વર્ગ અટકશે નહીં.

રાહુલે દાવો કર્યો કે સીઈસી જ્ઞાનેશ કુમાર તરફથી સંદેશાઓ આવી રહ્યા છે અને ભારે દબાણને કારણે તેઓ ઊંઘી શકતા નથી. રાહુલે તેમને રાજીનામું આપી 'સરકારી સાક્ષી' બની જવાની અપીલ કરતા કહ્યું કે તેઓ મુખ્ય ગુનેગાર નથી પરંતુ તેમનાથી ભૂલ થઈ છે.

રાહુલે આરોપ લગાવ્યો કે સરકારે સીઈસીને બચાવવા દિલ્હીને કિલ્લામાં ફેરવી દીધું છે અને 20,000થી 30,000 સુરક્ષાકર્મીઓ તૈનાત કર્યા છે. મુસાફરોને દિલ્હી આવતા રોકવામાં આવી રહ્યા છે, પરંતુ કડક સુરક્ષાથી દેશ સમક્ષ સ્પષ્ટ થાય છે કે વડા પ્રધાન સીઈસીને બચાવી રહ્યા છે.

રાહુલ ગાંધીએ દિલ્હી પોલીસ પર પક્ષપાતનો આરોપ મૂકતા જણાવ્યું કે ભાજપ અને આરએસએસના કાર્યકરો સામે કોઈ કાર્યવાહી કરાતી નથી, જ્યારે વિરોધ કરી રહેલા નિર્દોષ યુવાનોની અટકાયત કરવામાં આવી રહી છે.

### રાહુલ ગાંધીની કૂચમાં...

યુવાનો બેટમેનના માસ્ક અને કોસ્ચ્યુમ પહેરીને સરઘસમાં જોડાયા હતા. સૂત્રોચ્ચાર અને ભીડ વચ્ચે, બેટમેન માસ્ક પહેરેલા યુવાનોએ રાહુલ ગાંધીનું ધ્યાન ખેંચ્યું, જેનાથી ઓગસ્ટની ઓનલાઈન વાતચીત સ્ટ્રીટ મોબિલાઇઝેશનમાં ફેરવાઈ ગઈ. વિદ્યાર્થીઓ અને જેનઝેડ સુધી પહોંચવાના ભાગરૂપે ઇન્સ્ટાગ્રામ પર 'આસ્ક મી એનીથિંગ' સત્ર દરમિયાન, ગાંધીને પૂછવામાં આવ્યું હતું કે ''શું તેઓ બેટમેન છે?'' ત્યારે રાહુલ ગાંધીએ ગમ્મતમાં જવાબ આપ્યો હતો, ''ચાલો એમ કહીએ કે કોઈએ મને અને બેટમેનને ક્યારેય એક જ રૂમમાં સાથે જોયા નથી.''

# રશિયા સાથેની દુશ્મનાવટ ભૂલીને ડોનાલ્ડ ટ્રમ્પ તેનું ડિઝલ ખરીદવા કેમ તૈયાર થયા?



રાજકારણ અને અર્થકારણ હવે એવા તબક્કે પહોંચી ગયાં છે કે આર્થિક સ્વાર્થ ખાતર દુનિયાના દેશો જૂની દુશ્મનાવટ ભૂલવા પણ તૈયાર થઈ જાય છે. રશિયા અને અમેરિકાને કટ્ટર દુશ્મન માનવામાં આવે છે, પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જે રીતે રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદવાનો સોદો કર્યો, તે જોયા પછી લાગ્યા વિના રહેતું નથી કે તેઓ પાક્કા ભાઇબંધ છે, પણ દુનિયાના દેશોને અંદરોઅંદર લડાવી મારવા માટે દુશ્મન હોવાનો દંભ કરે છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયા પાસેથી મોટા પાયે ડીઝલ ખરીદવાની જાહેરાતથી સમગ્ર વિશ્વમાં ભારે હોબાળો મચી ગયો છે. એક તરફ, અમેરિકાએ ભારત સહિત ટોચના પાંચ દેશોને ધમકી આપી છે કે જો તેઓ રશિયા પાસેથી તેલ ખરીદશે તો અમેરિકા તેમના પર ૧૦૦ ટકા ટેરિફ લાદશે. આ માટે અમેરિકાએ રશિયા અને ઈરાન પર પ્રતિબંધ મૂકવાનો કાયદો (SRIA) પણ પસાર કર્યો છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આ કેવા પ્રકારનું બેવડું ધોરણ છે? એક તરફ તે અન્ય દેશોને રશિયા પાસેથી તેલ ખરીદવાની મનાઈ કરી રહ્યું છે, જ્યારે બીજી તરફ તે પોતે પણ એ જ કામ કરી રહ્યું છે.

અમેરિકામાં નવેમ્બરમાં મધ્યસત્ર ચૂંટણીઓ યોજાવાની છે તે ટાંકણે ડીઝલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જે હાલમાં ૬.૨૮ ડોલર પ્રતિ ગેલનના ઐતિહાસિક ઊંચા સ્તરે પહોંચી ગયો છે. પ્યુ રિસર્ચ કંપની અનુસાર ૮૪ ટકા અમેરિકન મતદારો માટે મોંઘવારી હાલમાં મુખ્ય મુદ્દો છે. ખેડૂતોથી લઈને ટ્રક ડ્રાઈવરો અને નાના વ્યવસાયો સુધી અમેરિકામાં દરેક વ્યક્તિ આ ફુગાવાથી ખૂબ જ પરેશાન છે અને આ લોકો ટ્રમ્પની વોટ બેંકનો નોંધપાત્ર ભાગ છે. તેથી, ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર ચૂંટણીમાં વિજય સુનિશ્ચિત કરવા માટે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીને નારાજ કરીને રશિયા પાસેથી ડિઝલ ખરીદી રહ્યું છે. ઝેલેન્સ્કી દ્વારા આ સોદાનો વિરોધ કરવામાં આવ્યો તો ગુસ્સે ભરાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ ઝેલેન્સ્કીને યુક્રેનના રાષ્ટ્રપતિ તરીકે હટાવીને પોતાની કઠપૂતળી જેવા નેતાને સત્તામાં આણવા તૈયાર થઈ ગયા છે. અમેરિકાની દુનિયાભરમાં દાદાગીરીનો આ ઉત્કૃષ્ટ નમૂનો છે. એ નોંધવું જોઈએ કે અમેરિકાએ રશિયા પાસેથી તાત્કાલિક ૩,૦૦,૦૦૦ ટન ડીઝલ અને નવેમ્બરમાં ૫,૦૦,૦૦૦ ટન ડીઝલ ખરીદવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

ભારતે રશિયા પાસેથી રેકોર્ડબ્રેક ક્રુડ ઓઇલની આયાત કરી છે. જૂનમાં ભારત દરરોજ સરેરાશ ૨૩.૫ લાખ બેરલ રશિયન તેલ આયાત કરતું હતું. ઘણાં લોકો ગણિત સમજી શકતાં નથી કે સસ્તું રશિયન તેલ ભારતમાં પહોંચે ત્યાં સુધીમાં કેટલું મોંઘુ થઈ જાય છે. જો ભારત રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદવાનું સંપૂર્ણપણે બંધ કરી દે તો તે માત્ર ભારતની ઊર્જા જરૂરિયાતોને જ નહીં પરંતુ તેલના ભાવને પણ અસર કરી શકે છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે વૈશ્વિક તેલ પુરવઠો હાલમાં મર્યાદિત છે.

રશિયા પાસેથી તેલ ખરીદી બંધ કરવાથી અન્ય દેશોમાંથી વધુ ક્રુડ ઓઇલની જરૂર પડશે, જેના કારણે કિંમત વધી શકે છે. ભારત તેની ક્રુડ ઓઇલની જરૂરિયાતોનો મોટો હિસ્સો અન્ય દેશો પાસેથી ખરીદીને પૂર્ણ કરે છે. જો રશિયા પાસેથી તેલનો પુરવઠો ઘટે છે, તો ભારતને તેની જરૂરિયાતો પૂરી કરવા માટે અન્ય દેશોમાંથી તેલ ખરીદવું પડી શકે છે. આનાથી વૈશ્વિક બજારમાં તેલની માંગ વધી શકે છે અને ક્રુડ ઓઇલના ભાવ વધી શકે છે.

રશિયામાં ક્રુડ ઓઇલની કિંમત સામાન્ય રીતે પ્રતિ ગેલન ૧૪૦ થી ૧૬૦ રૂપિયા હોય છે, પરંતુ જ્યારે તે ભારતમાં પહોંચે છે, ત્યારે તેની કિંમતમાં તીવ્ર વધારો થાય છે. વૈશ્વિક રાજકારણ અને અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, ભારતે તેની ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવા માટે એક મોટું પગલું ભર્યું છે. ઘણાં લોકો ગણિત સમજી શકતાં નથી કે સસ્તું રશિયન તેલ ભારતમાં પહોંચે ત્યાં સુધીમાં કેટલું મોંઘું થઈ જાય છે. આપણે સામાન્ય રીતે પેટ્રોલ અને ડીઝલને લિટરમાં માપીએ છીએ. જો કે, વૈશ્વિક સ્તરે ક્રુડ ઓઇલનો વેપાર બેરલમાં થાય છે. વૈશ્વિક ધોરણો અનુસાર, એક બેરલમાં આશરે ૧૫૯ લિટર અથવા ૪૨ ગેલન ક્રુડ ઓઇલ હોય છે.

**ટૂંકું ને ટચ પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

રશિયાના પ્રખ્યાત બેરલ ક્રુડ ઓઇલનો મૂળ ભાવ હાલમાં આંતરરાષ્ટ્રીય બજાર અને ભૂ-રાજકીય ઉથલપાથલના આધારે પ્રતિ બેરલ ૭૦ થી ૮૦ ડોલરની આસપાસ ફરે છે. ભારતીય રૂપિયામાં રૂપાંતરિત થાય તો, આનો અર્થ લગભગ ૫,૮૦૦ થી ૬,૬૦૦ રૂપિયા પ્રતિ બેરલ થાય છે. રશિયામાં એક ગેલન ક્રુડ ઓઇલની મૂળ કિંમત માત્ર ૧.૭૦ થી ૧.૯૦ ડોલર સુધીની છે. આનો અર્થ એ થાય કે રશિયન ધરતી પર એક ગેલન ક્રુડ ઓઇલની કિંમત ફક્ત ૧૪૦ થી ૧૬૦ રૂપિયા છે. જો આપણે રશિયામાં સામાન્ય લોકો માટે ઉપલબ્ધ રિફાઇન્ડ પેટ્રોલના ભાવને ધ્યાનમાં લઈએ, તો ક્રુડ ઓઇલ ઉપરાંત ત્યાંના પંપ પર તેની કિંમત ભારત કરતાં ઘણી ઓછી છે. હાલમાં, રશિયામાં એક લિટર પેટ્રોલનો છૂટક ભાવ લગભગ ૬૯.૧૧ રુબલ્સ હોઈ શકે છે, જે ભારતીય ચલણમાં આશરે ૬૫ રૂપિયા પ્રતિ લિટર થાય છે. તદનુસાર, જો કોઈ રશિયામાં એક ગેલન ફિનિશ્ડ પેટ્રોલ ખરીદે છે, તો તેને લગભગ ૨૪૫ થી ૨૫૦ રૂપિયા ખર્ચ કરવો પડી શકે છે. આ કિંમત ક્રુડ ઓઇલ રિફાઇનિંગ, ટેક્સ અને પ્રોસેસિંગ ખર્ચનો સમાવેશ કર્યા પછી નક્કી કરવામાં આવે છે.

હવે પ્રશ્ન એ છે કે તે જ તેલ ભારતમાં પહોંચે ત્યાં સુધીમાં તેની કિંમત કેમ વધી જાય છે? રશિયામાં જે તેલની કિંમત ૧૪૦ થી ૧૬૦ રૂપિયા પ્રતિ ગેલન હોય છે તે ભારતમાં પહોંચે ત્યાં સુધીમાં ૧૯૫ થી ૨૦૦ રૂપિયા પ્રતિ ગેલન થઈ જાય છે. રશિયા અને ભારત વચ્ચે ભૌગોલિક અંતર ખૂબ જ નોંધપાત્ર છે. જ્યારે આ તેલ શિપિંગ દ્વારા ભારતમાં આવે છે, ત્યારે તેના પર નોંધપાત્ર શિપિંગ ચાર્જ, દરિયાઇ વીમો, પરિવહન જોખમ અને ડીલર માર્જિનનો ખર્ચ થાય છે. આ બધા વધારાના ખર્ચને ધ્યાનમાં લીધા પછી જ અંતિમ કિંમત નક્કી થાય છે. આ બધા બાહ્ય ખર્ચ અને પરિવહન ખર્ચ ઉમેર્યા પછી જ્યારે રશિયન તેલ ભારતમાં પહોંચે છે ત્યારે તેની કુલ ડિલિવરી કિંમત પ્રતિ બેરલ ૯૫ થી ૧૦૦ ડોલર સુધી પહોંચે છે. જો આપણે ડોલર સામે ભારતીય રૂપિયાનું મૂલ્ય આશરે ૯૬ રૂપિયા ધારીએ, તો જ્યારે તેની કુલ ડિલિવરી કિંમતને એક બેરલના ૪૨ ગેલનથી ભાગવામાં આવે છે, ત્યારે પ્રતિ ગેલનની અંતિમ કિંમત ૨૦૦ રૂપિયાથી વધુ થઈ જાય છે.

ભારત રશિયા પાસેથી પોતાની ઊર્જા જરૂરિયાતો અને રાષ્ટ્રીય વિકાસ માટે ક્રુડ ઓઇલ ખરીદી રહ્યું છે, રશિયાને મદદ કરવા માટે નહીં. ભારતમાં રશિયન રાજદૂત ડેનિસ અલીપોવે તાજેતરમાં ડીડી ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં આ વાત કહી હતી. ૨૦૨૨ પછી રશિયા પાસેથી ભારતની ક્રુડ ઓઇલની ખરીદીમાં ઝડપથી વધારો થયો છે. આ વધારો મુખ્યત્વે G-7 અને યુરોપિયન યુનિયન દ્વારા રશિયાના ઊર્જા વેચાણ પર લાદવામાં આવેલી કિંમત મર્યાદા તેમજ પશ્ચિમી પ્રતિબંધોને કારણે હતો. યુરોપિયન બજારમાં રશિયન તેલની માંગ અને ખરીદીમાં વિક્ષેપને કારણે ભારત હાલમાં વિશ્વમાં રશિયન ક્રુડ ઓઇલનો બીજો સૌથી મોટો ખરીદદાર છે.

અમેરિકાએ અગાઉ રશિયા પાસેથી ઊર્જા ખરીદી સંબંધિત ભારતીય માલ પર વધારાના ટેરિફ લાદ્યા હતા. ગયા વર્ષે, ભારતના માલ પર ૨૫ ટકા ડ્યુટી લાદવામાં આવી હતી. જો કે, નવી દિલ્હી અને વોશિંગ્ટન વેપારના સોદા માટે વચગાળાના માળખા કરાર પર સંમતિ થયા પછી આ ટેરિફ આ વર્ષે ફેબ્રુઆરીમાં હટાવી લેવામાં આવ્યો હતો. આમ છતાં, રશિયા પાસેથી તેલ ખરીદવા અંગે અમેરિકા તરફથી ટેરિફનો ખતરો સંપૂર્ણપણે સમાપ્ત થયો નથી. ભારત રશિયા પાસેથી ઓછી કિંમતે તેલ ખરીદી રહ્યું છે, તેને રિફાઇન કરી રહ્યું છે અને તેને પેટ્રોલિયમ ઉત્પાદનો તરીકે અમેરિકા અને યુરોપિયન બજારોમાં વેચી રહ્યું છે. જૂન ૨૦૨૬ માં બ્રિટનને સબસિડી હેઠળ રિલાયન્સની જામનગર રિફાઇનરીમાંથી રશિયન ક્રુડ ઓઇલમાંથી બનેલા જેટ ઈંધણનો પહેલો શિપમેન્ટ મળ્યો હતો, જેની કિંમત આશરે ૬.૩ કરોડ યુરો હતી. ભારત દ્વારા ક્રુડ ઓઇલની ખરીદીમાં વધારો થવાને કારણે રશિયાના ક્રુડ ઓઇલની નિકાસના વોલ્યુમમાં પણ ૧૪ ટકાનો વધારો થયો છે. અમેરિકા અત્યાર સુધી ભારતના માર્ગે રશિયન ડિઝલ ખરીદતું હતું; હવે તેણે સીધી ખરીદી શરૂ કરી છે. તેને કારણે ટ્રાન્સપોર્ટ ખર્ચમાં ઘટાડો થશે અને સસ્તું ડિઝલ મળશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**અમેરિકા અત્યાર સુધી ભારતના માર્ગે રશિયન ડિઝલ ખરીદતું હતું; હવે તેણે સીધી ખરીદી શરૂ કરી છે. તેને કારણે ટ્રાન્સપોર્ટ ખર્ચમાં ઘટાડો થશે અને અમેરિકાને સસ્તું ડિઝલ મળશે**

## જાહેર નિવિદા

નાંદોદ તાલુકામાં ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત સને -૨૦૨૫-૨૬ માં આદિજાતી ખેડૂતોને લાભાર્થીઓને ફળાઉ કલમી (આંબા) રોપા આપવાની યોજનાઓ (પ્રતિ યુ,કો. રૂ, 4000/ અને સહાય રૂ. 3600/- અને લાભાર્થી ફાળો રૂ. 400/- લેખે) માટે રસ ધરાવતી સંસ્થાઓ /એજન્સીઓ પાસેથી ભાવ પત્રકો સિલબંધ કવરમાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન -૭ માં રજી. એડીથી, કુરીયર અથવા ટપાલ દ્વારા અત્રેની કચેરીના સરનામે મોકલી આપવાના રહેશે.

કચેરીનું સરનામુંઃ- તાલુકા વિકાસ અધિકારી તાં.પં કચેરી, નાંદોદ

તાલુકા વિકાસ અધિકારી
નાંદોદ

માહિતી/નર્મદા/૩૧૯/૨૦૨૬-૨૭

## નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ઈ-ટેન્ડર નોટીસ નં.૧૧ સને ૨૦૨૬-૨૭

કામનું નામ : કા.જ.કા.ન.વિભાગના તાબાના નહેરના ૯ (નવ) કામ જેની અંદાજિત રકમ રૂ. : ૪.૧૩ કરોડ થી ૭.૦૧ કરોડ
અપલોડ તારીખ : તા.૧૩-૧૦-૨૦૨૬ થી ૨૮-૧૦-૨૦૨૬
ડાઉન લોડની છેલ્લી તારીખ : તા.૨૮-૧૦-૨૦૨૬ અને સમય :૧૮.૦૦ કલાક સુધી
કાર્યપાલક ઈજનેર, કા.જ.કા.નહેર વિભાગ, પહેલા માળે, "સિંચાઈ ભવન" લુડઝ કોન્વેન્ટ સ્કુલની પાસે, અઠવાલાઈન્સ, સુરત-૭ ફોન નં. ૦૨૬૧-૨૬૬૯૦૪૮ રાજ્ય સરકારની માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તેમજ https://tender.nprocure.com ઉપર જોવા મળશે. તેમજ હવે પછીના કોઈપણ સુધારા ફક્ત ઓનલાઈન મુકવામાં આવશે.

આ કામની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે, અથવા આ કામ અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો સંપર્ક સાધવાથી મળશે.

ક્રમાંકઃમાહિતી-સુરત/૭૩૭/૨૦૨૬

## કડોદરા નગરપાલિકા,કડોદરા જિ- સુરત.
### ટુંકી મુદતની જાહેર નિવિદા (હીટાચી મશીન ભાડે રાખવા બાબત)

આથી રસ ધરાવતી તમામ એજન્સી પાસેથી કડોદરા નગરપાલિકામાં હીટાચી મશીન ભાડે રાખવા માટે ભાવ પત્રક માંગાવવામાં આવે છે, સદર કામનું ભાવ પત્રક નગરપાલિકા કચેરીમાંથી ઓફિસ સમય દરમ્યાન મેળવી લેવાનું અને ભાવ પક્ત્રની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદર ભાવ પત્રક સાથે એજન્સી સંસ્થા નોંધણી,જી. એસ.ટી. પાનકાર્ડ, ડીપોઝીટ રકમ રૂા.૧૦૦૦૦ (ડી.ડી/ ચેક) ચીફ ઓફિસરશ્રી કડોદરા નગરપાલિકાના ફરજીયાત આપવાનાં રહેશે. કોરા ભાવ પત્રક કડોદરા નગરપાલિકા કચેરીએથી આપવામાં આવશે.તેને સીલબંધ કવરમાં ફક્ત રજી.પોસ્ટ એડી થી જાહેર નિવિદા પ્રસિધ્ધ થરોના દિન -૧૦ માં નગરપાલિકાની કચેરીએ પહોંચતા કરવાના રહેશે.

નોંધ :- ઉપરોક્ત ટેન્ડરની વધારે માહિતી માટે નગરપાલિકા કડોદરા ની ઓફિસ નો સંપર્ક કરવાનો રહેશે.સદર કામ મંજુર ના મંજુર અંગેના તમામ હક્ક- અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

| સહી | સહી | સહી |
|---|---|---|
| પ્રણવ.એ.ચૌધરી | સંજય એમ.શર્મા | રામભાઈ એન ચોસલા |
| ચીફ ઓફિસર | કારોબારી ચેરમેન | પ્રમુખ |
| કડોદરા નગરપાલિકા | કડોદરા નગરપાલિકા | કડોદરા નગરપાલિકા |

ક્રમાંક : માહિતી-સુરત/૭૩૨/૨૦૨૬

## જાહેરસામું
### ગુજરાત સરકાર
### મહેસૂલ વિભાગ
### સચિવાલય, ગાંધીનગર.

(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શકતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩)
(૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો :- વલસાડ તારીખ :- 25 SEP 2026

ક્રમાંક :- અમ-મ-૨૦૨૬-૧૦૧૭-જવલ-૧૪૨૦૨૬-૧૪૭૪-ધ

"રીકન્સ્ટ્રસ્ટેશન ઓફ આર.ઓ.બી. એન્ડ આર.યુ.બી એટ એકસીટીંગ વાપી આર.ઓ.બી.એટ રેલ્વે ચે.૧૭૨/૧૬-૧૮(ડી.એફ.સી.સી ચે.૧૩+૫૨૩,૨૮૯ કિમી) એટ વાપી" ના જાહેર હેતુના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનસાર સંપાદન કરવાનો ઇરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ "રીકન્સ્ટ્રસ્ટેશન ઓફ આર.ઓ.બી. એન્ડ આર.યુ.બી એટ એકસીટીંગ વાપી આર.ઓ.બી. એટ રેલ્વે ચે.૧૭૨/૧૬-૧૮(ડી.એફ.સી.સી ચે.૧૩+૫૨૩,૨૮૯ કિમી) એટ વાપી"ના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર ૦૦-૩૩-૦૮ ચો.મી. છે અને તે મોજે. વાપી, તા. વાપી, જિ. વલસાડની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ ૦૦-૩૩-૦૮ ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહું અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ-૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકાર અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં "રીકન્સ્ટ્રસ્ટેશન ઓફ આર.ઓ.બી. એન્ડ આર.યુ.બી એટ એકસીટીંગ વાપી આર.ઓ.બી.એટ રેલ્વે ચે.૧૭૨/૧૬-૧૮(ડી.એફ.સી.સી ચે.૧૩+૫૨૩,૨૮૯ કિમી) એટ વાપી" ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. વાપી, તા. વાપી, જિ.વલસાડની ક્ષેત્રફળ ૦૦-૩૩-૦૮ હે.આરે.ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ - ૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.બી.નિમાવત)
સરકારના ઉપસચિવ

નં. માહિતી/વલસાડ/ ૪૭૨ /૨૦૨૬

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
### ટેન્ડર નોટિસ નં. ૦૭/૨૦૨૬-૨૭
ટોલ ફ્રી નં. ૧૯૧૬

કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.યાં.વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, જલભવન, બીજો માળ, અડાજણ રોડ, સુરત-૩૯૫૦૦૯ દ્વારા સુરત જિલ્લાના મહુવા, બારડોલી અને અરેઠ તાલુકાના જુદા જુદા ગામોમાં ૧૬૫ મીમી વ્યાસના ડીટીએચ બોર ના કામો માટે અંદાજીત રકમ રૂ. ૪૫.૨૩ લાખ માટે ટેન્ડર આઇ.ડી નં. ૩૫૩૯૨૪ થી ટેન્ડર પધ્ધતિથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ અને અનુભવી ઠેકેદારો પાસેથી માંગવામાં આવે છે. રસ ધરાવતા ઇજારદારોએ ટેન્ડર ફી/બાનાની રકમ નિયત ધોરણે ભરવાની રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતવાર માહિતી વેબ સાઇટ tender.nprocure.com પર મળી રહેશે. હવે પછીના સુધારા વધારા માટે આ નોટીસમાં દર્શાવેલ વેબ સાઇટ ઉપર જોવાનું રહેશે. ટેન્ડર ડાઉનલોડ/અપલોડ કરવાની છેલ્લી તા.૨૬-૧૦-૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધીની રહેશે.

કાર્યપાલક ઈજનેર
જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ
સુરત

ક્રમાંકઃ માહિતી-સુરત/૭૩૪/૨૦૨૬

## ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ સિટી લિમિટેડ
(ગુજરાત સરકારની માલિકીની કંપની)
CIN: U75143GJ2015SGC083828
ડીસીએલ ઓફિસ બિલ્ડીંગ, બ્લોક નં.૧૭૭, રે.સ.નં.૧૧૧/એ૧, મોજે-ખજોદ, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૦૭.
ટેન્ડર નોટીસ (ઓનલાઇન) નં.જીએમ(પી.&ડી.)/ડીસીએલ/૦૬/૨૦૨૬-૨૭

ડ્રીમ સિટી લિમિટેડ દ્વારા નીચે દર્શાવેલ કામ માટે માન્ય કોન્ટ્રાક્ટર/ એજન્સી/ કન્સલ્ટન્ટ પાસેથી https://smctender.nprocure.com પર ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | કામની સંખ્યા | અંદાજીત રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | (૧) ડ્રીમ સિટી ફેઝ-૧ ના રસ્તા, ટ્રાફિક આઇલેન્ડસ, પાર્કિંગ પ્લોટ, પમ્પિંગ સ્ટેશન અને ઓફિસ બિલ્ડીંગના હોર્ટીકલ્ચર મેઇન્ટેનન્સનું કામ અને (૨) ડ્રીમ સિટી વિસ્તારમાં સુવેજ પંપીગ સ્ટેશન, પમ્પ હાઉસ અને સંલગ્ન નેટવર્કનાં ઓપરેશન અને મેઈન્ટેનન્સની કામગીરી પૂરી પાડવાનું કામ. (ચોથો પ્રયાસ). | ૦૨ | ૨.૮૫ |

વિગતવાર ટેન્ડર નોટીસ https://www.dreamcitysurat.in પર ઉપલબ્ધ છે.

નં.ડ્રીમસિટી/એડ./૦૬ /૨૦૨૬-૨૭
તા. ૧૨/૧૦/૨૦૨૬

જનરલ મેનેજર (પી. એન્ડ ડી.)
ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઇલ સિટી લિમિટેડ

## સચીન નોટિફાઇડ એરીયા ઓથોરીટી
### જાહેર નિવિદા નં. ૦૫/૨૦૨૬-૨૭

નોટિફાઇડ એરીયા ચીફ ઓફીસાર 'ઉન્નતી બિલ્ડિંગ', પ્લોટ નંબર ૫૭૧૯, રોડ નંબર ૬, જી.આઇ.ડી.સી.- સચીન ફોન નંબર (૦૨૬૧)૨૩૯૯૮૨૫ (E-Mail ID:- naosachin1@gmail.com) તરફથી જી.આઇ.ડી.સી., ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ વિભાગ, ગુજરાત હાઉસિંગ બોર્ડ અને જાહેર આરોગ્ય ખાતાની યોગ્ય શ્રેણીમાં નોધાયેલ યાદીના કોન્ટ્રેક્ટરો પાસેથી જુદા જુદા કુલ ૧૩ કામો માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામ માટે અનુ નં ૧ થી ૧૨ ઓનલાઇન પદ્ધતિથી અને અનુ. નં. ૧૩ નો ટેન્ડર ઓફ-લાઇન મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૦.૦૦ લાખ થી રૂ.૯૮૭.૬૩ લાખ સુધી છે.

| | |
|---|---|
| અનુ ૦૧ થી ૧૨ ઓન-લાઇન ટેન્ડર | આ ટેન્ડરની વિગતો www.nprocure.com ની વેબ સાઇડ ઉપર થી ઓન-લાઇન તા. ૧૩.૧૦.૨૦૨૬ થી તા.૦૨.૧૧.૨૦૨૬ સાંજે ૧૭.૦૦ કલાક સુધી જોઈ અને ભરી શકાશે અને ટેન્ડર સંભવતા તા.૦૫.૧૧.૨૦૨૬ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. |
| અનુ નં. ૧૩ ઓફ-લાઇન ટેન્ડર | તા.૧૩.૧૦.૨૦૨૬ થી તા.૨૧.૧૦.૨૦૨૬ કચેરી સમય દરમ્યાન ચીફ ઓફિસર, સચીન નોટિફાઇડ એરીયા જી.આઇ.ડી.સી.-સચીનની કચેરીથી જારી કરવામાં આવશે. ભરેલ-પત્રકો સ્વીકારવાની આખરી તા.૨૩.૧૦.૨૦૨૬ સમય સાંજે ૧૬.૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે. ભરેલ-પત્રકો રજી.પો. એડી/ સ્પીડપોસ્ટથી મોકલવાના રહેશે અને આવેલ ટેન્ડરો આશરે તા.૨૬.૧૦.૨૦૨૬ ના રોજ બપોરે ૧૧.૦૦ કલાકે ખોલવામાં આવશે. |

ઓન-લાઇન ટેન્ડર અનુ નં. ૦૧ થી ૧૨ માટે ટેન્ડર ભરવાની કાર્ય પદ્ધતિ, સંબંધિત વિગતો જેવીકે ટેન્ડર ફી, EMD વગેરેની માહિતી વિગતવાર ટેન્ડર નોટિસમાં આપવામાં આવેલ છે. જે રસ ધરાવતાં ઇજારદારોએ વંચાણે લેવા વિનંતી છે. જે એક ટેન્ડર એગ્રીમેન્ટનો ભાગ છે. ઇ-ટેન્ડર નોટિસની વિગતો વેબસાઇટ www.nprocure.com ઉપર જોવા મળશે. આ કામની ઓફિસના નોટિસ બોર્ડ ઉપર તેમજ વેબ સાઇટ www.nprocure.com ઉપર જોવા મળશે. વધુ માહિતી માટે નોટિફાઇડ એરીયા, ચીફ ઓફિસર, સચીન નોટિફાઇડ એરીયા જી.આઇ.ડી.સી.-સચીનની કચેરીએ ઓફિસ સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી. ઇજારદારોએ ચાલુ વર્ષનું રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવન્સી સર્ટીફિકેટ, હાલનુ રજીસ્ટ્રેશન, બાનાની રકમ, આર.પી. એફ. સી/ પીએફ, રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ અને ટેન્ડરમાં માગ્યા મુજબના દસ્તાવેજો સીલ બંધ કવરમાં અત્રેની કચેરીમાં તા.૦૩.૧૧.૨૦૨૬ અને તા.૦૪.૧૧.૨૦૨૬ ના રોજ ૧૬.૦૦ કલાક સુધી ચીફ ઓફિસર, સચીન નોટિફાઇડ એરીયા જી.આઇ.ડી.સી.-સચીન મોકલવાના રહેશે તેમજ ટેન્ડર ફીનો ડ્રાફ્ટ ટેન્ડર ભરતી વખતે અવશ્ય સ્કેન કરી ઓનલાઈન સબમિશન કરવાના રહેશે.

ચીફ ઓફિસર,
સચીન નોટિફાઇડ એરીયા,
જી.આઇ.ડી.સી.-સચીન.

તા.૧૨.૧૦.૨૦૨૬
ક્રમાંકઃ માહિતી-સુરત/૭૩૫/૨૦૨૬

ક્રાઈમ, સસ્પેન્સ, રહસ્ય...



દ્રશ્યમ 3
અજય દેવગન, તબ્બૂ, શ્રિયા સરન
૧૨.૨૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

રહસ્ય, રોમાન્સ, હોરર



ધ વ્વાન
સિદ્ધાર્થ મલ્હોત્રા, તમન્ના ભાટીયા
૧૨.૨૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત



સુપરડુપર હીટ બમ્પર ફિલ્મ
દ્રશ્યમ- 3
અજય દેવગન, તબ્બુ, જયદીપ
૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 99984 46007
Book Tickets Now from : bookmyshow.com Paytm @applecinemasurat

સુપરહીટ ફિલ્મ



દ્રશ્યમ- 3
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૦, ૩.૦૦, ૩.૩૦, ૪.૦૦, ૪.૩૦, ૫.૪૫, ૬.૧૫, ૬.૪૫, ૭.૨૦, રાત્રેઃ ૮.૨૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦

ગુજરાતી હીટ ફિલ્મ



મિત્રતા
૧૨.૧૦.૨.૧૫, ૪.૩૦, રાત્રે : ૮.૧૫, ૯.૦૦
DORAEMON THE MOVE: CASTLE OF THE UNDER SEA DEVIL
(હિન્દી) ૧૦.૦૦, ૨.૩૫, ૭.૦૫

સુપરહીટ ફિલ્મ



હનુમાન અંશ
૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૩૦, ૪.૨૦, ૬.૪૫, રાત્રે : ૯.૩૦
ધ વ્વાન
૯.૧૦, ૧૨.૦૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૦૦ રાત્રે : ૯.૩૦
ચટણી
(ગુજરાતી) - ૯.૧૦, ૫.૧૫

## જાહેરાત
### વાપી મહાનગરપાલિકા -વાપી
૩૯૬૧૯૧, તા -વાપી , જી-વલસાડ

### વાપી મહાનગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળો - ૨૦૨૬ ના સ્વદેશી મેળામમાં સ્ટોલ બુકિંગ કરવા માટે

વાપી મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી ઉત્પાદનો, સ્થાનિક વેપાર અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુથી સ્વદેશી મેળા-૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળામાં વિવિધ પ્રકારના વ્યવસાયકારો, વેપારીઓ, કારીગરો, સ્વસહાય જૂથો, વલસાડ જીલ્લાની તમામ સખી મંડલ તથા નાના ઉદ્યોગકારો માટે સ્ટોલ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે વેપારીઓ અને વ્યવસાયકારો પોતાના ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ કરવા ઇચ્છતા હોય તેઓને સ્ટોલ બુક કરાવવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

| મેળાની વિગતો | |
|---|---|
| સ્વદેશી મેળાનું સ્થળ | અજીતનગર, ચલા વાપી |
| સ્વદેશી મેળાની તારીખ | ૨૮/૧૦/૨૦૨૬ થી ૦૬/૧૧/૨૦૨૬ |
| સ્વદેશી મેળાના આયોજક | વાપી મહાનગરપાલિકા, વાપી |
| સ્ટોલ બુકિંગની તારીખ | ૧૩/૧૦/૨૦૨૬ થી ૧૭/૧૦/૨૦૨૬ સમયગાળામાં કરવામાં આવશે. |
| સ્ટોલ માટે સંપર્ક મો નંબર | ૯૭૨૭૭૭૪૫૮૯, ૭૮૭૪૪૪૩૭૩૩ |
| સ્ટોલ માટેની ડીપોઝીટ રીફંડેબલ રહેશે (ડીપોઝીટ રકમ રૂ.૨૦,૦૦૦/-) | |

ઇચ્છુક વેપારીઓએ વહેલ તે પહેલાના ધોરણે સંપર્ક કરી સ્ટોલની નોંધણી કરાવી લેવું

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૪૭૧/૨૦૨૬